**સને ૨૦૧૩-૧૪ ( આયોજન હેઠળ)**
**પોલીસ વિભાગ માટે બિનરહેણાંકના મકાનોના બાંધકામ માટેની નવી સેવાને વહીવટી મંજુરી આપવા બાબત...**

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બજટ/૨૦૧૨/૫૮૧/(૧)લ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :-૯/૪/૨૦૧૩.

<u>વંચાણે લીધા</u> :

૧. મેનેજીગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ, ગાંધીનગરનો તા.૯/૧૦/૨૦૧૨ નો પત્ર નં.ગુપોહા/એકા/૩૭૭/૭૮૪૫/૨૦૧૨.

<u>ઠરાવ</u> :

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી દ્વારા પ્રત્યેક વર્ષે પૂરી પાડવામાં આવતી અગ્રતાયાદી અનુસાર રાજયમાં પોલીસ વિભાગ માટે ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ દ્વારા બિનરહેણાંકના મકાનો જેવા કે, પોલીસ સ્ટેશન, પોલીસ ચોકી, આઉટપોસ્ટ, ચેકપોસ્ટ, બેરેક વહીવટી બ્લોક, એસ.પી.ઓફિસ, બેફલ ફાયરીગ રેન્જ વગેરેનું બાંધકામ હાથ ધરવામાં આવે છે. સને ૨૦૧૩-૧૪ માં પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય દ્વારા પુરી પાડવામાં આવેલ અગ્રતા યાદી પરથી પોલીસ ખાતા માટે વિવિધ પ્રકારના બિનરહેણાંકના મકાનોના નવા કામો માટે સન ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં રૂા.૨૪.૦૦ કરોડની નવી બાબત માટે કરેલ જોગવાઈને નીચેની શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૩-૧૪ ની જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે. આ રકમનો ખર્ચ માત્ર નવા કામો માટે જ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૩) નિગમ દ્વારા સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીગ કરવામાં આવશે, તેથી નિગમે યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૪) સમયસર કામ પૂર્ણ થાય તેની જવાબદારી નિગમની રહેશે.

(૫) અંદાજીત રકમમાં જો વધારો થાય તો નાણાં વિભાગની મંજુરી અચૂકપણે લેવાની રહેશે.

(૬) નિયત થયેલ કામમાં વધારો ઘટાડો થાય તો સક્ષમ અધિકારીની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

(૭) બાંધકામની યોજના માટે નિગમે નવા એસ.ઓ.આર. મુજબ નકશા અંદાજો રજુ કરીને સક્ષમ અધિકારીની વહીવટી/તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૮) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/ ૧૦૨૦૦૫/૧૪૦૭/છ,તા.૨૨/૧૧/૨૦૦૬ "ઈ" ટેન્ડરીગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ / સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ બાંધકામ સમયમર્યાદામા સંતોષકારક રીતે પૂર્ણ થાય તે માટેની મોનીટરીગ વ્યવસ્થા નિગમે ગોઠવવી અને કામની સમીક્ષા અંગે સમયાંતરે બેઠક યોજવાની રહેશે.

(૧૦) આ બાંધકામ ની અંદર કમ્પાઉન્ડ વોલનો સમાવેશ કરી દેવાનો રહેશે.

૩. ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિ. એ તેને ફાળવવામાં આવનાર ઉકત રકમ આ વિભાગના ઉપસચિવશ્રીની પ્રતિસહીથી ઉપાડવાની રહેશે.

૪. નિગમે દર મહિને આ અંગેની રકમમાંથી કરવામાં આવતાં ખર્ચની અને તે દ્વારા થનાર બાંધકામની વિગતવાર માહિતી આપતા પત્રકો તે પછીના મહીનાની દશમી તારીખ સુધીમાં આ વિભાગની લ–શાખા તથા ૨–શાખા (બજેટ શાખા) ને મોકલી આપવાના રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરહેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ વર્ષમાં થયેલ જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૪૬ (આયોજન હેઠળ) |
| મુખ્ય સદર | : | ૪૦૫૫ પોલીસ અંગે મૂડી ખર્ચ જોગવાઈ |
| ગૌણ સદર | : | (૨૧૧) પોલીસ આવાસન |
| પેટાસદર | : | (૦૩) બિન રહેણાંકના મકાનોનું બાંધકામ |
| સ્કીમ કોડ | : | HSG - 13 |
| હેડ ચાર્જેબલ | : | ૪૦૫૫–૦૦–૨૧૧–૦૩ |
| કોમ્પ્યુટર કોડ | : | ૧૧૪૬૧૭ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૩/૪/૨૦૧૩ ની નોંધથી આપવામાં આવેલ સંમતિને આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(હસમુખ પટેલ)**
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,

- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ
- નાણાં સલાહકારશ્રી, (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી(ટીસીએન્ડ ટી) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, અ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગ વ અને ર શાખા, સચિવાલય, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- વિમા નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- પસંદગી ફાઈલ
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.